મકાનોના બાંધકામ હેઠળના ચાલુ કામો. માંગણી નં.૮૫, મુખ્ય સદર:૪૨૧૬-આવાસન અંગે મૂડી-ખર્ચ જોગવાઇ હેઠળના પેટા સદર:(૨૪) એફ.એસ.એચ.૧૨ મત્સ્યોદ્યોગ અધિક્ષક સિક્કાની કચેરીના બાંધકામની દરખાસ્તને સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે નવી બાબતની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- એફડીવી/૧૩૨૦૧૮/૨૬/ટ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૦૪/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ- ગુમ/ટ-૧/FSH-12/૨૦૧૭-૧૮/૭૬૧, તા.૦૬/૦૧/૨૦૧૮

(૨) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ- ગુમ/ટ-૧/FSH-12/૨૦૧૭-૧૮/૯૮૯, તા.૦૬/૦૩/૨૦૧૮

ઠરાવઃ-

૧. વંચાણે લીધેલ ક્રમ- (૧) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી મત્સ્યોદ્યોગ મકાનોના બાંધકામ હેઠળના ચાલુ કામો, માંગણી નં.૮૫, મુખ્ય સદર:૪૨૧૬-આવાસન અંગે મૂડી-ખર્ચ જોગવાઇ હેઠળના પેટા સદર:(૨૪) એફ.એસ.એચ.૧૨ કૃષિ વિભાગ માટે મત્સ્યોદ્યોગ અધિક્ષક સિક્કાની કચેરીના બાંધકામ માટે રૂ.૨૬,૬૪,૯૦૦/- જોગવાઇને સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે નવી બાબતની મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

૨. વંચાણે લીધેલ ક્રમ- (૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી મત્સ્યોદ્યોગ અધિક્ષક સિક્કાની કચેરીના નવા મકાનના બાધકામ માટે નવી સેવાની યોજનાને વહીવટી મંજુરી આપવા દરખાસ્ત રજુ કરેલ છે. કચેરીનું મકાન ખુબજ જર્જરિત હાલતમાં છે. ઘણા વર્ષથી કચેરીના મકાનનું રીપેરીંગ થયેલ નથી. વાવાઝોડા અને ભૂકંપ દરિમયાન કચેરીના મકાનને નુકશાન થયેલ છે. ચોમાસા દરિમયાન પાણી ટપકે છે. જેથી કચેરી કામગીરીમાં તકલીફ પડે છે. કચેરીની દીવાલો ચુના અને પથ્થરની બનેલ હોઈ ગમેતે સમયે પડવાનો ભય રહેલ છે. નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, જામનગર દ્વારા રૂબરૂ મુલાકાત કરીને મકાન સાવ કંડમ હાલતમાં હોઈ રીપેરીંગ થઇ શકે તેમ નથી તેમ જણાવેલ છે. જેથી તાત્કાલિક નવું બિલ્ડીંગ બનાવવું જરૂરી છે. સિક્કા ખાતે મત્સ્યઘોગ અધિક્ષકની કચેરીનો નવા મકાનના બાધકામ માટે નાયબ કાર્યપાલક ઈજનેર, જામનગર દ્વારા નકશા અંદાજો રજૂ કરેલ છે.

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં વાર્ષિક વિકાસ કાર્યક્રમમાં સમાવિષ્ટ કરવા માટેના બાંધકામ હેઠળના ચાલુ કામો, માંગણી નં.૮૫, મુખ્ય સદર:૪૨૧૬-આવાસન અંગે મૂડી-ખર્ચ જોગવાઇ હેઠળના પેટા સદર:(૨૪) એફ.એસ.એચ.૧૨ કૃષિ વિભાગ માટે મત્સ્યોધોગ અધિક્ષક સિક્કાની કચેરીના બાંધકામ માટે રૂ.૬૬.૬૪ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રેહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામ કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની આપવાના રહેશે

(૧૦) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૧) વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની, સી.આર.ઝેડની કે અન્ય સત્તામંડળની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવી જરૂરી કલીયરન્સ મેળવવામ જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૧૨) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

આ યોજનાનું બજેટ સદર નીચે પ્રમાણે રહેશે.

માંગણીનં :૮૫

મુખ્યસદર :૪૨૧૬-આવાસન અંગે મૂડી-ખર્ચ જોગવાઇ

ગૌણસદર :૭૦૦-અન્ય આવાસન

પેટાસદર :૨૪:કૃષિ વિભાગ માટે મત્સ્યઉધોગ મકાનોનું બાંધકામ

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (ખર્ચ ) ની તા. ૧૦/૦૪/૨૦૧૮ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એ.દેશમુખ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) માન.રા.ક.મંત્રીશ્રી (મત્સ્યોદ્યોગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
(૩) સચિવશ્રી, (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
(૪) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૫) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) નાયબ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, અમદાવાદ / વડોદરા / સુરત / રાજકોટ / વેરાવળ
(૭) નાણાં સલાહકારશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) નાયમ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જામનગર.
(૯) મહાલેખાકારશ્રી,ગુજરાત રાજ્ય, રાજકોટ
(૧૦) ઉપ મહાલેખાકારશ્રી(ઇએસ-૧) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ(ઇ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત
(૧૧) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
(૧૨) નિવાસી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર
(૧૩) સેકશન અધિકારીશ્રી, આયોજન શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૪) સેકશન અધિકારીશ્રી, આઇ.ટી. શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૫) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૬) સીલેકટ ફાઇલ.